ગ્રામ્ય શાળાના

ધોરણ ૨ જાનું સ્પષ્ટીકરણ.

સોલ એજન્ટ.

કશીભાઇ લખાભાઇ પટેલ.

ન્યુ ગુજરાત બુક ડેપો—નડિઆદ.

કીંમત. ૦-૫-૦

ગ્રામ્ય શાળાના

ધોરણ ૨ જા નું સ્પષ્ટીકરણ.

જેની અંદર હરેક વિષય સંપૂર્ણ સમજ સાથે આપેલો છે. ગણિતનો વિષય ઘણાજ સ્પષ્ટીકરણથી સમજાવેલો છે.

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર.

પુરૂષોત્તમ મનસુખરામ દેશાઈ.

મહેમદાવાદ—જીભાઇ પોળ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦

સને ૧૯૧૫ સંવત ૧૯૭૧

કીમત પાંચ આના.

અમદાવાદમાં,
ત્રણ દરવાજા પાસે ચુડીઓળમાં સેસન્સ નંબર ૨૭૪૩
વાળા મકાનમાં આવેલા ધી રત્નસાગર પ્રીન્ટીંગ પ્રેસમાં
શા. અમરતલાલ જેશીંગભાઇએ છાપ્યું.

ત્રીજી ચોપડીના પાઠના અર્થ.

ભાગ ૧ લો.

પાઠ ૧ લો.

રમુજી=ગમ્મત આપે એવા.
લાભ=ફાયદો, ગુણ.
જ્ઞાન=સમજણ.
શિખામણ=બોધની વાત.
જાણવા જોગ=જાણવા લાયક.
ઉમંગથી=હોસથી.
આનંદ=ખુશી.
બોધ=શિખામણની વાત.
બારીક=ઝીણી.
મુકાબલો=સરખામણી.
માહીતી=જાણ.
મઝાની=સારી.
રસીલી=ગમ્મત ભરેલી.
વર્ણન=વિગતવાર કહેવું તે.
સોદો=માલ.
ધ્યાન=ચિત્ત, મન.
ખાતરી=તપાસ, ચોકસાઇ.
પોપટીયુ=પોપટના જેવું, સમજણ વગરનું.

પાઠ ૨ જો.

પુસ્તકો=ચોપડીઓ.
પંડિતો=વધારે ભણેલા.
નીપજે=થાય.
લહીઓ=સારા અક્ષર લખનાર.
નર્યા=સુખી, સાજા.
શ્રદ્ધા=વિશ્વાસ, ભરોસો.
ચેન=સુખ.
ઠાઠ=ડોળ, ભપો.
અણુકતું=અનટદ્ધું, નાલાયક.
માઠું=માઠુ.
કદી=કોઇ દીવસ.
વિદ્યાભ્યાસ=ભણવું તે.
ઝાઝો=ઘણો.

પાઠ ૩ જો.

ટટ્ટુ=નાના ઘોડો.
હડહડતો=પુરેપુરો.

કળિયુગ=ખરાબ વખત.
કદી=કોઇ દીવસ.
ફરી ગઇ છે=જતી રહી છે.
ખરે બપોરે=મધ્યાહ્ન વખતે.
મોજ=મઝા.
ખર્ચુપાન=ઘરડો.
જોસબંધ=જોરથી.
સંઘ=જાત્રાએ જનારનુ ટોળું.
ઘાતકી=દયા વગરના.
હાટ=બજાર.
વખતસર=વખત પ્રમાણે
રીકે=વીલે.
પસ્તાયો=દીલગીર થયો.
દશા=હાલત.

પાઠ ૪ થો.

ઇશ્વર ભક્તિ=પરમેશ્વરનું ભજન.
નરસિંહ ચોદશ=વૈશાખ શુદ ચોદશ.
ભંડાર=ખજાનો.
મીઠી=સારી લાગે તેવી.
પેદા=ઉત્પન્ન.
ઉપકાર=પાડ.
ગુજરી ગયા=મરી ગયા.
દયાળુ=દયાવાળો.
પરગજુ=પારકાનું ભલું કરનારો.
નીવડયો=થયો.
સાંઢ=આખલો.
અંતઃકરણ=મન.
શુદ્ધિ=ભાન.
આશ્ચર્ય=નવાઇ.
ઇશ્વરકૃપા=પરમેશ્વરની મહેરબાની.

પાઠ ૫ મો.

ગુજરાન=પેટ ભરવું તે.
પ્રીતિ=હેત.
દૂર=છેટે, આઘું.
ખડ=ઘાસ.
પરોપકારી=પારકાનું ભલુ કરનારૂ
રાજી=ખુશી.
પાડ=ઉપકાર.
થોભાય=રોકાય.
છેટે=આઘે.
ઘાડુ=મોટુ.
ઇજા=હરકત, દુઃખ.
સહીસલામત=સુખેથી, અડચણ વગર.
સામેલ થયો=ભળ્યો.

પાઠ ૬ ઠો.

પૈસાદાર=પૈસાવાળો.
હાલત=સ્થિતિ.
ગામઠી=ખાનગી પંડયાની નિશાળ

નસીબદાર=નસીબવાળો.
ધન=પૈસો
કીમતી=વધારે પૈસાનાં.
દોલત=પૈસો.
ખરીદ્યા=લીધા.
વર્તીશું=ચાલીશું.
કબુલાત=વચન.
દહાડો પાણી=મરણ પાછળનો ખર્ચ.
તોડ=નિકાલ.
વાહવાહ=વખાણ.

પાઠ ૭ મો.

સુંદર=સારા
સુશોભિત=શોભાયમાન.
ચાદ=શરત
નજીવી=નકામી, બહુ કીમતી નહિ.
અંતરમા=મનમા.
આભાસ=અજવાળું, તેજ.
વિશ્વપતિ=પરમેશ્વર.
વાસ=રહેઠાણ.
ઘાટ=વિચાર.
જગનો=દુનીઆનો.
તાત=બાપ.
કણી=નાનો દાણો.
જગકર્તા=પરમેશ્વર.
ઠામ=ઠેકાણું.

આપણી આસપાસ, આકાશમા અને મનમા પરમેશ્વરનું તેજ છે. તેમજ ઘાસના ચાસની પાસે પણ પરમેશ્વરનું રહેઠાણ છે. ભોંયમા પેસીને ભોંયરામા કાંઇ વાત કરીએ તથા મનમા જે કાંઇ ઘાટ ઘડીએ તે જગતનો બાપ (પરમેશ્વર) જાણે છે. અનાજનો કણ મૂકવાને ખાલી જગા ખોળીએ તો કયાંઇ પણ પરમેશ્વર વિના ઠાલું ઠેકાણું મળતું નથી.

પાઠ ૯ મો.

કાલાવાલા=કરગરીને કહેવું તે, આજીજી.
ગુનો=વાંક.
માફ કરો=જતો કરો.
આપના=તમારા.
આફત=દુઃખ.
જીવતદાન=કોઇનો જીવ બચાવવા તે.
મગરૂબી=અહંકાર.
ભાન=સમજ.
શિકારી=જનાવરોને મારનાર.
ફાશા=બાલા.

સેવા=ચાકરી.
બજાવશે=કરશે.
તરણા સરખું=નકામું, નજીવું, તરખલા જેવું.
ગર્વ=અહંકાર, મગરૂબી.

પાઠ ૧૦ મો.

પ્રમાણિક=વહેવારમાં સાચો.
ફેરી=વેચવા માટે ફરવું તે.
શાખ=આબરૂ.
શિક્ષક=મહેતાજી.
મોહનમાળા=કોટમાં ઘાલવાનું સોનાનું ઘરેણું.
પોલીસથાણું=પોલીસની ચોકી.
ફરજ=જરૂર.
ચાહતાં=ઇચ્છતાં.
શરૂ=ચાલુ.
લાભ=ફાયદો.
વૃદ્ધ=ઘરડું.
આગ્રહ=તાણ.
કોલેરા=જેમાં ઝાડો ને ઉલટી થાય તે રોગ.
લાગુ પડયો=શરૂ થયો.
મહામુશ્કેલી=મોટી મુસીબત.
વિધવા=જેનો ધણી મરી ગયો હોય તે સ્ત્રી.
ધન્ય=શાબાશ.

પાઠ ૧૧ મો.

તુરંગ=કેદખાનું.
છંદ=નઠારી ટેવ.
જાપ્તો=ચોકસી.
લાગ=વખત.
ટિકટ=ભિહામણી.
રાહ=વાટ.
દ્રવ્ય=પૈસો.
તાલેવંત=પૈસાદાર.
ભુંડુ=ખોટું.
તાક્યું=ઇચ્છયું.

પાઠ ૧૨ મો.

સદા=હમેશા.
વર્તણુંક=ચાલચલણ.
સહન થવું=ખમવું.
ફોસલાવી=લલચાવી.
ફરજ=ધર્મ.
રૂચતી=ગમતી.
નીચ=હલકો
ગંધર્વ=ગવૈયાની એક જાત.
લાગણી=અસર.

અપકાર=કોઇનું ભૂંડું કરવું તે.
અદેખા=અદેખીલા.
ગળગળા=રડુ રડું.
આપત=દુઃખ.
ડગતું=ખસતું.
ક્રોધ=ગુસ્સો.
ક્ષમા=માફ.

પાઠ ૧૩ મો.

પારખી=ઓળખી.
અદલ=બરાબર.
ઇન્સાફ=ન્યાય.
પ્રીતિ=હેત.
ચર્ચા=વાદવિવાદ.
સાક્ષી=જોયેલું તથા સાંભળેલું કહેનાર.
ચતુર=ડાહ્યો.
અચરત=નવાઇ.
મા=નહિ.
ગળેપડું=ખોટો હઠ કરનાર.
બુરા=નઠારા.
હાલ=દશા.
ન્યાયાધીશ=ન્યાય આપનાર, ઇન્સાફ કરનાર.

પાઠ ૧૪ મો.

કઠણીને=સખત, બહુ.

નિસાસો=દુઃખ કે દીલગીરીને લીધે શ્વાસ નાંખવો તે.
ગૃહસ્થ=પૈસાદાર માણસ.
મઝા=ગમ્મત.
અભાગીઓ=અકરમી, કમનસીબ.
કરમાઇ ગયું=લેવાઇ ગયું, ફીક્કું પડી ગયું.
હાલત=સ્થિતિ.
ફરમાવ્યું=કહ્યું.
પાડ=ઉપકાર.
તંગ=ખોટ, ખૂટકો.

પાઠ ૧૫ મો.

ટેવ=ખો, લત.
છીછરો=જરા ઉંડો ને પહોળો.
ઝાંઝા=બાલાં.
ચપચપ=ઝપાટાબંધ.
મઝા=આનંદ.
જાણ્યુ અજાણ્યુ=પોતે સમજી ગએલ વાતને ન સમજતો હોય તેમ કરવું તે.
ખામી=ખોડ
ભાવ=હેત.
ભોળા=છેતરાય તેવા.
આગ્રહ=તાણ.
ખાતર=બરદાસ.
સારૂં=અહીંયા.

મલકાવી=હસી.

પાઠ ૧૭ મો.

વર્તમાનપત્ર=છાપું.

મુસાફર=મુસાફરી કરનાર.

સવારી=એક જગાએથી બીજી જગાએ જવું તે.

સપાટ=ઉંચી નીચી નહિ તે.

ભલા=સારા.

મીલનસાર=મળતાવડા.

પરોણા ચાકરી=પોતાને ઘેર જે માણસ આવ્યો હોય તેની ચાકરી કરવી તે.

ભારી=બોજારૂપ.

ચામઠીઆ=કાઠીઆવાડની એક ભટકતી જાત.

ખરીદવામાં=વેચાતા લેવામા.

વિદ્યાર્થી=ભણનાર બાળક.

પાઠ ૧૮ મો.

તમાશો=ખેલ.

ખેલવા=રમવા.

ખેલાડીઓ=રમનારા.

રૂપવાન=રૂપાળો.

ડીલે=શરીરે.

વરખ=પાતળાં પતરાં.

બેભાન=શુદ્ધિ વગરનો.

કરકરૂં=ખરબચડું.

પસરે=ફેલાય.

અંતે=છેવટે.

છિદ્ર=કાણાં.

નુકસાન=હરકત, ખલેલ.

રજકણો=ઝીણા કણ.

સમજુ=વિચાર કે સમજણવાળા.

મુખ્ય=ખરી.

મતલબ=હેતુ.

સ્વચ્છ=ચોકખુ.

પાઠ ૧૯ મો.

ઉદ્યોગી=મહેનતુ.

સહેજ=થોડો.

કરકસર=ખપ જેટલું વાપરવું તે.

ધનવાન=પૈસાદાર.

અઘાટ=ધણીપણાના હક સાથે.

ફેસલો=નિર્ણય, ચુકાદો.

પસંદ પડવી=ગમતી આવવી.

ભાગ ૨ જો.

પાઠ ૩૮ મો.

અગાઉના=પહેલાના.
વહેણ=પાણીનું વહેવું તે.
ખંડેર=ભાગેલી ઇમારત.
મુશ્કેલ=અઘરૂં.
બુરજો=કિલ્લાનો ઉંચો ગોળ ચણેલો ભાગ.
પ્રવાહ=વહેલ.
કસ્બો=જે ગામમા મુસલમાનની વસ્તી વધારે હોય તે.
ખીણ=ડુંગરની વચ્ચેની જગા.
રમણીય=સુંદર.
આકૃતિ=આકાર.

પાઠ ૩૯ મો.

નજીક=પાસે.
બોડા=ઝાડ વિનાના.
ભેખડો=પત્થર કે મટોડીના મોટા ટેકરા.
દેવસ્થાન=દેવળ.
દેવકી ઉનાઇ=સુરત જીલ્લામા વાંસદા પાસે આ જગા છે.
ઝરણુ=ઝરો.
ભીંજાય=પલળે.

પાઠ ૪૦ મો.

ફરફર=ઝીણા ટીપા.
મેળાપ=મળવું તે.
પચી=ઉતરી.
પ્રવાહ=રેલો.
શક્તિ=જોર, બળ.
ખડક=પત્થરના ઢગલા.
સપાટામા=જલદીથી.
મુખ=જે જગાએ નદી સમુદ્રને મળે તે જગાને નદીનું મુખ કહે છે.
ધોધ=ઉંચેથી નીચે પડતુ પાણી.
ચમકારા=ઝમકારા.
સુંદર=શોભાયમાન.
સરિતા=નદી.
નિર્મળ=ચોકખું.
નીર=પાણી.
તરૂ=ઝાડ.
તીરે=કાઠે.
રંગીત=રંગવાળાં.
ચિત્રવિચિત્ર=જુદી જુદી જાતનાં.
ગમ્મત=આનંદ.
નિશ્ચય=નક્કી.

નાવણુ=નાવું.
ધોવણુ=ધોવું.
જળપાન=પાણી પીવું.
પીછાણીએ=જાણીએ.

અર્થ—ચોકખા પાણીથી ભરેલી સારી નદી જુઓ. તેને કાઠે નાનાં મોટાં ઝાડ ઉગેલા છે. રંગીત જુદી જુદી જાતના માછલા અમ્મત કરે છે અને કિનારે પશુ લીલુ ઘાસ ચરે છે. નગરની બધી સારી શોભા નક્કી નદીથી જાણીએ. નાવાનું, ધોવાનું તથા પાણી પીવાનું મોટું સુખ તેનાથી છે એમ જાણીએ.

પાઠ ૪૧ મો.

ખલાસી=વહાણ હંકારવાનો ધંધો કરનાર.
બહોળો=ઘણો મોટો.
જથો=ભેગુ કરેલું.
ભરતીઓટ=નદી, ખાડી કે દરીઆમા પાણીનું ચઢવુ ને ઉતરી જવું તે.
મોજાં=છોળો.
છાયા=પડછાયો.
ચીજો=વસ્તુઓ.

પાઠ ૪૨ મો.

હજીરા=તાપી નદીના મુખ આગળ એ જગ્યા છે.
મરજી=ઇચ્છા.
જ્ઞાન=સમજ.
ટંડેલ=વહાણ ચલાવનારો મુખ્ય ખલાસી.
ભૂગોળવિદ્યા=પૃથ્વીના ગોળા વિષેની વિદ્યા.
માહીતી=ખબર.
પુરતી=પુરેપુરી.
ભૂશિર=જમીનની અણી લાંબી છુટને સમુદ્રમા ગયેલી હોય તે.
અખાત=સમુદ્રનો ફાટો લાબો થઇ જમીનમા ગયો હોય તે.
ઉપસાગર=પહોળા મોંનો અખાત.
બેટ=ચારે બાજુ પાણી અને વચ્ચે જમીન તેને બેટ કહે છે.
કાપ=પાણીમા ઘસડાઇ આવેલો કાદવ કચરો.
દ્વીપકલ્પ=જેની ત્રણ બાજુ પાણી અને એક બાજુ જમીન સાથે જોડાયેલી હોય તે.

ક્રિયા=કામ.
સામુદ્રધુની=પાણીના બે મોટા ભાગને સાંધનારો પાણીનો નાનો ભાગ.

ભાગ ૩ જો.

પાઠ ૪૮ મો.

શિક્ષક=મહેતાજી.
મઝાની=સારી.
ડહોળુ઼ં=કાદવવાળું.
ચિકાર=બેઉ કાંઠે ભરપુર.
સંગુ=રેલથી ઘસડાઇ આવીને ઠરી રહેલી માટી, કાંપ.
ઝરણુ=પાણીની સેર.
થીજે=ઠરી
ઘટ=બંધાએલુ.

પાઠ ૪૯ મો.

ફુંકણી=વાસની ભુંગળી.
વરાળયંત્રો-વરાળથી ચાલનાર યંત્રો
ચકમક=એક જાતનો પત્થર.
જ્યોત=બળતું, ભડકો.
દવ=અગ્નિ.

પાઠ ૫૦ મો.

ભાવતી=ખાવી ગમતી.
કંટાળતો=કાયર થતો.
પુષ્કળ=ઘણી.
ખાતરી=માનવું.
ખોરાક=ખાવાની વસ્તુ.
મોળી=ફીકી.
બેસ્વાદ=સ્વાદ વગરની.
રંક=ગરીબ.
ખપ=જરૂર.
નીરોગી=રોગવગરતું, તંદુરસ્ત.
ઉપરાંત=એ સિવાય.
ઘુંટણ=પગની ઉપરનો ભાગ.
અગર=મીઠું પકવવાની જમા.
કણ=દાણા.
તરી આવે=ઉપર આવે.
મુશકેલ=મુસીબત, અઘરૂ.
સિંધવ=મીઠાની એક જાત.
જથાબંધ=વણું.
દેશાવર=પરદેશ.

પાઠ ૫૧ મો.

દીવાસળીનું કારખાનુ=દીવાસળી બનાવવાની જમા.
નોકર=ચાકર.

મતલબ=ઇચ્છા, હેતુ.
ખાસ=જરૂર.
બરડ=ભાગી જાય તેવો.
ખાલી=નકામી.
બધાઇ ગયો=ગઠ્ઠો થઇ ગયો.
ઘાટ=આકાર.
તદ્દન=પુરેપુરો.
ઘટ=નક્કર.
મૂળ=પહેલાનો.
આચ=થોડો તાપ.
પીગળ્યો=ઓગળ્યો.
ઝાખો=તેજ વગરનો.
આસમાની=વાદળી.
વિસ્મય=આશ્ચર્ય, નવાઇ.
ઝડપથી=એકદમ.
ગજરો=માથામા ઘાલવાનો ફૂલ-નો તોરો.
ઝોળ=બળતી સગ.
ખાસ ગુણ=ખરેખરો ગુણ.

પાઠ પર મો.

શોખ=કોડ
અફાળી=પછાડી.
સંભાળજે=જાળવજે.
તપાસી=જોઇ.
ઘાટ=આકાર.
કોરો=ધારો.
ચીજો=વસ્તુઓ.
પાસાદાર=પાસાવાળા.
કીમતી=ઘણી કીંમતના.
ઝવેરાત=હીરા, માણેક, વગેરે.
ઝુંમર=કાચ કે ધાતુનું ઝાડ.
જાણુવાલાયક=જાણુવા જેવી.
હકીકત=બીના.

પાઠ પ૩ મો.

મિત્ર=ભાઇબંધ.
સમી=ઠીક.
અંગારા=સળગતા કોયલા.
ધમણ=પવન ફુકવાનું ચામડાનુ સાધન.
એરણુ=જેના ઉપર મૂકીને લોઢુ ટીપે છે તે.
અચંબો=નવાઇ.
ખાતરી=નક્કી.
સહેજ=થોડો.
રવેશ=માળનો ઝુલતો ભાગ.
સ્ક્રુ=પેચવાળો લોઢાનો ખીલો.
સખત=કઠણ.
કાનસ=લોઢુ ઘસવાનું સાધન.
પાધરૂ=બારોબાર.

પાઠ ૫૪ મો.

મુખ્ય=મોટા.
અંગ=ભાગ.
કામના=ખપનાં.
અગત્યનું=જરૂરનું.
છિદ્ર=કાણાં.
આધાર=ટેકો.
ઉપયોગ=ખપ.
શોષી=ચૂસી.
એકાદું=એકાદ, એકપણ.
ખ્યાલ=અટકળ, વિચાર.
નકામો=જરૂર વગરનો.
બારીક=ઝીણા

પાઠ ૫૫ મો.

ઝરપે છે=ઝરે છે.
છેદ=ઘા.
ઘટ=ઘાડું.
ઘડીઆ=તાડી ભરવાના ઉંચી ડોકના ઘાડવા.
ટોચ=છેક ઉપરનો ભાગ.
ઉપવાસ=ભૂખ્યા રહેવું તે.
નિતારી લેવું=ઉપર ઉપરથી લઇ લેવું
ગુણ=ફાયદો.

પાઠ ૫૬ મો.

શુમારે=આશરે.
સુખળાં=ડુંડી કે કંટીની બાજુએ સાયા જેવું હોય છે તે.
ઠુમસો=ડુંકો પણ ભરાક.
પુષ્ટિકારક=કૌવત આપનાર.
બરછટ=કઠણ ને ખડબચડું લાગે તેવું.
હવાલો=તારની ચારણી.
વાની=ચીજ.
આથો=ચઢીને ખાટુ થએલુ ખીરૂં.
પોટીસ=ગુમડાં વગેરે દરદ પકવવાને ઘઉં, અળસી વગેરેની બાફેલી લુગદી કરવામા આવે છે તે.

પાઠ ૫૭ મો.

ઘાટ=આકાર.
અણીદાર=અણીવાળા.
ઝડપ=ઉતાવળ.
જથાબંધ=ઘણું જ.
ઓછુંવત્તુ=થોડુ ઘણું.

પાઠ ૫૮ મો.

વર્ગ=જાત
મઝાની=સારી.
ખૂબસુરત=સારી.
બીલકુલ=એકપણ.
નર=પુરૂષ જાતિ.

માદા=સ્ત્રી જાતિ.
વૈતરી=વેઠ કરનારી.
અવસ્થા=હાલત.
સ્થિતિ=હાલત.
કિડિઆરા=કીડીઓને રહેવાની જગા.
ખોરાક=ખાવાનું.
પોષણ=ગુજરાન.
અવતાર=એક રૂપ બદલી બીજા રૂપમા આવવુ તે.
મોજ=મઝા.

પાઠ ૫૯ મો.

ભોળાયાં કરવો=વારવાર આવનો.
ભાથુ=મુસાફરીમા ખાવાનું.
નહોર=નખ.
ધસરાબંધ=એકદમ.
બદામીઓ=બદામના રંગ જેવો.
થોભ્યો=અટક્યો.
સરી=ખસી.
અખારાં=તંમર.
બારીક=ઝીણી.
મરદન=ગળા ઉપરનો ભાગ.
અણીદાર=અણીવાળા.
ખાઉધરાં=ખાતા ધરાય નહિ તેવાં. અકરાંતીયા.
કમકમાટ=કંટાળો.

પાઠ ૬૦ મો.

ભપકાદાર=ઘણું શોભીતું.
દેખાવડું=શોભીતું.
બદન=શરીર, અંગ.
રાખોડીઉં=રાખોડીના રંગ જેવું.
કાબરચીતરી=ઘણી કાળી અને થોડી ધોળી એવી.
કુમળી=કુળી.
કુંપળો=નવા પાંદડા નીકળવાની જગા.
રાક્ષી=બંને બાજુએ જે અકેકો અણીદાર દાંત છે તે.
રૂવાટી=શરીર ઉપરના વાળ.
ચપળ=ચાલાક.
ઘાતકી=કોઇને મારી નાખે તેવી, ખુની.
તીણા=ઝીણા.
ઓચીંતા=એકદમ.
ચકોર=ચાલાક.
દુશ્મન=શત્રુ.
બચાવ=રક્ષણ.
ઈજા=દુઃખ.
ઠામ ઠામ=ઠેકાણે ઠેકાણે.

ર=સારી.
.ાવતવાળા=જોરાવર.
ફાળ=છલંગ.
ફુલા=પૂળા.
તૂલ=અનાજના છોડ.
સમીસાંજે=સંધ્યાકાળે.
વલવલાટ=કરીને નહિ બેસવું તે.

કવિતાના અર્થ.

પાઠ ૮ મો ઇશ્વર સ્તુતિ.

વિશ્વસ્વામી=દુનીઆનો ધણી, ઇશ્વર.
સ્તુતિ=પ્રાર્થના, વખાણ.
આપની=તમારી.
શીશ=માથું.
દયાળુ=દયાવાળા.
આપદા=દુઃખ.
ઉગારો=બચાવો.
દીનાનાથ=ગરીબનો બેલી, પરમેશ્વર.
આધાર=ટેકો, મદદગાર.
માત=મા.
તાત=બાપ.
સદા=હમેશાં.
સર્વને=બધાને.
કીધા છે=કર્યા છે.
રાંક=ગરીબ.
અજ્ઞાન=સમજણ વગરનો.
પ્રાણી=જીવ.
કશી=કોઇ પણ.
તુંથી=તારાથી.
અજાણી=જાણ્યા વગરની.
વાંક=ગુનો.
ક્ષમા=માફી.
મતિ=બુદ્ધિ.
છેક=તદન.
પ્રાર્થના=સ્તુતિ.
દીલ=મન.
ધારો=લાવો.
કુટુંબી જનો=કુટુંબના માણસો, ભાઇ, બેન, કાકા, વગેરે.
દાસ=સેવક, ચાકર.
નિવારો=ટાળો, કાઢી નાખો.

અર્થ:—હે દેવના દેવ જગતના ધણી હું માથું નમાવી આપની સ્તુતિ (વખાણ) કરૂંછું. હે દયાવાળા પ્રભુ મને દુ:ખમાંથી બચાવો, હે ગરીબના બેલી તું એક મારો આધાર છે. (૧)

હે પ્રભુ આપ મારા બાપ અને મા છો ને તમે હંમેશાં સર્વને પાળનારા છો, તમે કરોડો ઉપકારો કર્યા છે. હે ગરીબના બેલી તું એક મારો આધાર છે. (૨)

હું ગરીબમા ગરીબ સમજણ વગરનો પ્રાણી છું. મારી કાંઇ પણ વાત તારાથી અજાણી નથી. હે દયાળુ મારો વાક માફ કરો. હે ગરીબના બેલી પરમેશ્વર તુ એક મારો આધાર છે. (૩)

અમો બાળકો હાથ જોડીને બોલીએ છીએ કે હે પ્રભુ અમારી બુદ્ધિ તદ્દન થોડી છે, માટે દયા લાવીને અમારી સ્તુતિ મનમા લાવો. હે ગરીબના બેલી પરમેશ્વર તુ એક મારો આધાર છે. (૪)

અમો અને અમારા કુટુંબના જે માણસો છે તે શરીરે સર્વ વાતે સુખી રહીએ તથા આપ હમેશા સારા વિચારો આપજો. હે ગરીબના બેલી પરમેશ્વર તુ એક મારો આધાર છે. (૫)

મેં આપની કાંઇ ભક્તિ કરી નથી તથા આપના ગુણ ગાવાની પણ મારામા શક્તિ નથી. તોપણ દયા લાવીને આ સેવકના દુખો કાઢી નાખો. હે ગરીબના બેલી પરમેશ્વર તું એક મારો આધાર છે. (૬)

પાઠ ૧૬ મો સત્ય.

સત=સાચું.
ચિત=મન.
ચિંતન કરવું=વિચાર કરવો.
વાચક=વચન.
નશ્ચય=નક્કી.
ઉચરવું=બોલવું.
અસત્ય=સાચુ નહિ તે, જૂઠું.
કદિ=કોઇ દિવસ.
જશથી ઝળકીત=આબરૂવાળા.
જગે=દુનીઆમા.

વૃક્ષ=ઝાડ.
વિશાળ=મોટું.
ગુણકારી=ફાયદો કરે એવાં.
જન=માણસ.
આશ્રય કરશે=વિરામ લેશે.
છાંય=છાયડો.
પરિતાપ=દુઃખ.
સહુ=બધાં.
કાજ=કામ.
વસે=રહે.
અસતે=અસત્યથી, જુઠાથી.
આફત=દુઃખ.
પ્રગટે=થાય.
ઠગી=લુચ્ચા.
દુષ્ટમતિ=નઠારી બુદ્ધિ.
ભય=બીક.
ટટે=હઠે, નાશપામે.
જોગ=કારણ, બનાવ.
ઉજાશ=પ્રકાશ.
છુટી=નીકળી.
દીપશે=શોભશે.
આચ=હરકત.
સદાય=હમેશાં.
વદી=બોલી.
કલેશ=કકાશ.
અનેક=ઘણાં.
હરે=લઇ લે.
સમું=બરાબર.
અન્ય=બીજું.
ખરે=નક્કી.
વસે=રહે.
અતિ=વધારે.
વિશ્વપતિ=દુનીઆનો ધણી, પરમેશ્વર
રીઝશે=ખુશીથશે.
રીઝો=ખુશી થાઓ.
સ્વર્ગ=સુખનું ઠેકાણું.

અર્થ—મનમા સત્યનો વિચાર કરવો, નક્કી સત્ય વચન બોલવું કોઇ દિવસ અસત્ય (ખોટું બોલવાનું) કામ કરવુ નહિ અને આબરૂદાર થઇને દુનીઆમાં ફરવું (૧)

સત્યરૂપી બીથી મોટુ ઝાડ થશે અને તેના ઉપરથી મીઠાં અને ફાયદો કરે એવાં ફળ ઉતરશે. માણસ તેના છાંયા તળે વિરામ લેશે, અને બધાં દુઃખ જઇને સુખ મળશે. (સાચું બોલવાનો

નિશ્ચય કરી સાચું બોલવાની ટેવ પાડવી એ બીજ રોપ્યું કહેવાય, અને પછી દર વખતે આપણે સાચુંજ બોલીએ એટલે દરેક વાત આપણા શરીરમા સાચાનીજ થઇ. આપણા દરેક કામ પણ સાચાજ હોય તે સાચાનું ઝાડ થયું કહેવાય, મતલબ કે સાચાની ટેવ પાડવી એ બી અને વણીવાર સાચું બોલ્યા તેથી આપણા શરીરમાં સાચાનું ઝાડ થયું કહેવાય. આ ઝાડ આપણા શરીરમા હોય (આપણે દરેક વખતે સાચુજ બોલનારા હોઇએ) તો આપણને ઘણા સારા ફળ મળે, આપણું દરેક કામ થાય તે આપણને ગુણકારી મીઠા ફળ મળ્યા કહેવાય, અને આપણે સાચું બોલનારા હોવાથી દરેક મોટા કામ ફંડ, ઉઘરાણા વગેરે ધર્માદાનાં કામ કરી શકીએ; કારણકે લોકોને આપણા ઉપર વિશ્વાસ હોય તેથી ઘણા પરોપકારી કામ કરી શકીએ જેથી બીજા લોકોને તે કામથી ફાયદો થાય. મતલબ કે આપણા શરીરમાના સાચાના ઝાડથી ઘણાને ફાયદો થાય માટે તેમણે સાચાના ઝાડ નીચે વિરામ લીધો કહેવાય. આમ કરવાથી બધા દુ ખ જતા રહે અને સુખ મળે) (૨)

સત્ય । જગતના બધા કામ રહે છે (સાચુ બોલવાથી બધા કામ થાય) અસત્યથી માણસ દુ ખમા આવી પડે છે. સતરૂપી સુરજનુ તેજ ઘણું પ્રગટશે તેથી લુચ્ચાઇ અને નઠારી બુદ્ધિ બીક પામીને નાશ પામશે (સાચુ બોલનારના આગળ જુઠાનું મોઢું લેવાઇ જાયછે અને શરમાઇ જાય છે અને જુઠું બોલવા માટે પસ્તાવો કરવો પડેછે.) ૩

કોઇ બનાવથી સત્ય છુપાઇ જશે (સાચું બોલનારનું ખોટું થશે) પણ છેવટે સત્યનો પ્રકાશ થશે. (સાચું બોલનારજ જીતશે કોઇ દિવસ સુરજ વાદળથી છુપાશે પણ નકકી તે છુટીને ફરીથી

દીપશે. (વાદળાથી સુરજ ઢંકાઇ જાય છે પણ તે પાછો બહાર દેખાઇ આવે છે તેમ કોઇ કારણથી સત્ય બોલનારનું ખોટું થશે પણ આખરે સાચું બોલનારજ જીતશે) ૪

કોઇ દિવસ સત્યને નુકસાન નથી અને તેનો નાશ પણ થવાનો નથી. (સાચું બોલનારને નુકસાન થવાનું નથી) હમેશા સત્ય બોલીને જગતને જીતવું, (આપણે સાચું બોલીએ જેથી બધા માણસો આપણું કહેવું માને, માટે આપણે જગત જીત્યું કહેવાય) નક્કી સત્ય ઘણા દુઃખ લઇ લછે. ખરેખર સત્ય બરાબર બીજું બળ નથી. ૫

હમેશા સત્યમા સાચું સુખ રહે છે, અને સત્યથી પરમેશ્વર ઘણા રાજી થશે. સત્ય વગર બીજો ધર્મ નથી. (સાચુ બોલવું એ આપણી મુખ્ય ફરજ છે) સત્યથી સ્વર્ગને જીતીને (સ્વર્ગ મેળવીને) હમેશા ખુશી રહો. (સાચું બોલીએ તોજ સ્વર્ગ મળે છે. જુઠાથી મળતું નથી.

ડિકટેશન.

સુચના—૧. પ્રથમ શિક્ષકે બાળબોધ મૂળાક્ષર વિદ્યાર્થીઓને શિખવવા.

૨. બરાબર બાળબોધ મૂળાક્ષર આવડયા પછી તે દરરોજ સ્લેટમાં ખડીથી મોટા અક્ષરે લખી મંગાવવા.

૩. મૂળાક્ષર બરાબર આવડે એટલે બાળબોધ બારાખડી લખાવવી.

૪ આ નીચે જે પાઠવાર શબ્દો આપ્યા છે તેમાં અઘરા બધા શબ્દોનો સમાવેશ કરેલો છે. તેમાથી દરરોજ

આખા પાઠના તથા અર્ધા પાઠના શબ્દ લખી મંગાવવા, તથા દરરોજ તે શબ્દોની જોડણી કરાવવી.

૫ ડિકટેશન લખાવવા માટે પ્રથમ સ્લેટમા બેવડી લીટી દોરાવવી, કે જેમાંથી એક લીટીમા ડિકટેશન અને એક લીટી માત્રા તથા હરવ દીર્ઘને માટે ખાલી રાખે.

૬. લખેલા અક્ષરો બરાબર લીટીને અડકાડીને લખાવવા જોઇએ.

૭. વાચન ચોપડીમા ગુજરાતી શબ્દો છે તેજ બાળબોધ અક્ષરથી નીચે આપ્યા છે તેના ગુજરાતીમા ચોપડીમાં જોઇને લખાવવા.

બાળબોધ મૂળાક્ષરો.

(સ્વર)

अ आ इ ई उ ऊ ए ऐ ओ औ अं अः

(વ્યંજન)

क ख ग घ ङ च छ ज झ ट ठ ड

ढ ण त थ द ध न प फ ब भ म य

र ल व श ष स ह ळ क्ष ज्ञ.

पाठवार डिक्टेशनना शब्दो.

पाठ १ लो.
निशाळे
सुधीमां
त्रण
बाळपोथी
मूळाक्षरो
बाराखडी
रमुजी
कविता
जोडाक्षर
ज्ञान
डाही डाही
शिखामणो
पदार्थपाठो
प्राणीओ
पदार्थो
विषे
हकीकत
उमंगथी
चित्रो
होशियारी
अक्षरे
टूंकां टूंकां
शीख्यां
वार्ताओ
वस्तुनी.
बारीक
मुकाबलो
भूगोळना
दिशाओ
अधिकारी
माहीती
नकशा
मझानो
रसीली
नवुं नवुं
पुस्तको
नदी
दरीओ
विषे
नमुना
सामान्य
वनस्पति
गुण
खरुं
खातरी
पोपटीउं

पाठ २ जो.
गुजराती
लिपि
सिवाय
ब्राह्मणी
हिंदु
जुनां
पंडितो
मारुं
अज्जु
वरडु
मात्रा
अनुस्वार
विसर्ग
प्रमाणे
नीपजे
लढीओ
लपटावुं
नर्या
पहेलुं
सुख
इश्वर
श्रद्धा
उद्योगी
फक्कड
अजुकुं
गाडुं
करडी
उमर
सुधी
विद्याभ्यास
झगडा
विना

पाठ ३ जो.
दीकरो

टट्टु
विचार
ठीक
वातचीत
मूर्ख
कळियुग
जुवान
उतर्यो
दूर
बूम
कह्युं
बुद्धि
कुंवर
हिंडाडे
मुसाफरी
स्वर्युपान
फीकर
नहि
शरमाइ
श्रावक
संघ
मळ्यो

जात्रा
बंनेने
घातकी
विचारुं
जलदीथी
वीखराइ
पहोंची
सुखी
पूल
छुट्टुं
कूदीने
पड्युं
डूबी
फीक
दशा

———

पाठ ४ थो.

काशीमां
चीमनराय
धणीधणीआणी
इश्वरभक्ति
इश्वरकृपा
पुत्र
नरसिंह
चौदश
दिवसे
भंडार
मीठी
वाणी
बहु
गुजरी
स्वभाव
दयाळु
स्त्रीओ
परगजु
जीवड्यो
मूकवामां
अभ्यास
शिक्षकनो
मानीतो
वर्गना
माठुं
इच्छे
सांढ
भोंय
लोहीनी
अंतःकरण
फेटामांथी
सुनाडी
सोंप्यो
वैदे
शुद्धीमां
आश्चर्य

———

पाठ ५ मो.

कुटुंबना
गुजरान
प्रीति
लग्न
भाईबंध
खवाड्युं
विचारो
आशीश
खुंचेलो
लुगडां
बूम

जुएछे
हूबतो
चोटली
खेंची
ऊंधो
टंकावी
परोपकारी
विचार
घाडुं
जंगली
सहीसलामत

पाठ ६ ठो.

विजयनगर
पैसादार
वेपारी
गामठी
नसीबदार
वेपारी
खरची
कीमती
सतर
हाथी
खरीद्या
होशियार
आबरु
मीलकत
वर्तीशुं
वहेंचण
कबुलात
दिवान
उमेयों

पाठ ७ मो.

हरि
छोटुं
सुंदर
भूली
सुशोभित
चीज
सिपाइओ
वै पैसो
नजीवी
वधुं
जुएछे
विश्वपति
भोंयमां
कणी
जगकर्ता
शरमाई

पाठ ९ मो.

उंदर
सिंह
सूतो
गुनो
सवक
चाकरी
मगरुरी
शिकारी
छुटायुं
दुःखमां
फोकट
छुटो
बिचारो
गर्व
शिखामण
सुखेथी

पाठ १० मो.

मुंबइ
परचुरण
गुजरात
किंमत
वैरांओ
प्रमाणिक
वातचीत
दुकान
वृद्ध
भाईबंधी
काशी
सोंपवा
आग्रह
लागु
मुशकेली
विधवा

पाठ ११ मो.

खेती
तुरंग
जाप्तो
वाणीआ
विकट
तूटी
दूर
चोकीदारो
द्रव्य
लूटी
मिठाइ
नसीब
झेर
फेंकी
खूश
सुंडुं
ताक्युं
कुतरां
गीधो

पाठ १२ मो.

युधिष्ठिर
भीम
अर्जुन
नकुळ
पांडवो
वर्तणुक
पीतराई
फोसलावी
जुगार
द्रौपदी
जुलम
झुंपडी
दिवसो
दुर्योधन
नीचपणुं
नवाणुं
कौरव
चित्रगुप्त
गंधर्व
खुशी
दयाळु
लागणी
मोटे
लुच्चा

पाठ १३ मो.

प्रभु
खरुंखोटुं
इनसाफ
प्रीति
कचेरी
विषे
कारभारी
चर्चा
बायडीओ
साक्षी
चतुर
शक्ति
हुकम
विचार्यु
गळेपडु
सोंपी
बुरा

पाठ १४ मो.

गरीब
निसासो
गृहस्थ
सुंदर
अभागीआ
नसीब
चतुर
विना
सुको
हंमेशां
कदापि
रुपीया

पाठ १५ मो.

विलासपुर
शिआळ
कुकडा
महोल्ला
मश्करी
नोतरुं
पित्तळ

सुशोभित
पीरसी
अजाण्युं
शिरोइ
पीरसेलो
सादुं
मलकावी
शरमायुं
सिवाय

पाठ १७ मो.

वाडीमां
रिवाज
वर्तमानपत्र
मनु
लक्ष्मी
चित्र
पूछ्युं
उत्तर
हकीकत
लंबु
लुगडाना
सवारी
झुंपडां
पत्थर
डुंगर
दूध
परोणाचाकरी
पूजेछे
चामठीआ
घंटीओ
भटकती
जुओ
गाडुं
नाहवानो

पाठ १८ मो.

तमाशो
शरीर
शणगारी
खेलाडी
डीले
घुंरर
चोंटाडया
वालु
सुवाडी
पाडोशण
चामडी
इंद्रिय
टाढुं
उनुं
लीसुं
करकरुं
पोचुं
छिद्रो
पुराइ
नुकसान
भिनाश
चीकणी
चोंटी
पुरी
खुल्लां
समजु
खूब
साबु
लूछी

पाठ १९ मो.

कणबी
आळसु
भाईभाडु
दुकाळ
फेसलो
विद्वान
चुकादा
निर्णय
खेडुतो

पाठ ३८ मो.

धरमपुर
प्रल्हाद
पुरुषो
पुतळां
बहादुरी
पारडो
ओळंगी
पूर्व
पश्चिम
डुंगर

दहेरुं
शिखर
मुशकेल
कुंडो
किल्लानी
भांगेली
दिवालो
बुरजो
दरीओ
वायव्य
खुणामां
ओरंगा
वांकोचुको
प्रवाह
सुनसर
तळेटी
भीत
बहु
रमणीय
पाटीउ
वप्रु
आकृति

आजुबाजु
नमुनो
———
पाठ ३९ मो.
आबु
काठिआवाड
शेत्रुंजो
गीरनार
खीण
तूटी
टुकडा
अणीदार
पालिताणा
देवकीउनाइ
लसुंद्रा
ठडु
भिजाय
चोरवी
पूल
———
पाठ ४० मो.
महीनाओमां

वीजळी
अहींथी
कुत्रा
निचाण
समुद्र
शक्ति
सुकेमुका
पुष्कळ
मुख्य
नाली
तालुकानी
सुंदर
सरिता
निर्मळ
रंगीन
चित्रविचित्र
गम्मत
पशु
किनारे
पिछाणीए
———

पाठ ४१ मो
पीरमहंमद
खलासी
भरतीओट
[illegible]
स्पति
किनारो
छुटा
सुंवाळा
कोडीओ
छीपो
खुश
———
पाठ ४२ मो
कनु
भूगोळ
टंडेल
माहीती
पुरती
मगीआ
निशान
सुकी

अणीदार
भूशिर
उलटुं
घूसेछे
मुद्दत
द्वीपकल्प
क्रिया
सामुद्रधुनी
खाडी

———

पाठ ४८ मो.

हरिलाल
मूळ
चिक्कार
चंगु
कुवा
फूटतां
ठंडुं
मुल्क
सूर्य
किरणो

———

पाठ ४९ मो.

दीवो
वस्तु
लाकडुं
फुंकणी
फूंकीए
गति
मीणबत्ती
शाबाश
गुंगळाई
बराळयंत्रो
दीवासळी

———

पाठ ५० मो.

गोविंद
मिठाइ
दिवस
पुष्कळ
मीठुं
विचारी
विना
बेस्वाद
महीना
स्वच्छ
निरोगी
वस्तु
खागीआं
अंग्रेज
किनारे
घुंटग
जुआळ
वाझी
सिंधव

———

पाठ ५१ मो.

हिंमतराम
दीकराए
पूछ्युं
तनु
हथोडी
चुरेचुरा
प्यालुं
चिनाइ
मूळ
लिलाश
धुमाडो
आसमानी
विस्मय
फूल
चूंटी

———

पाठ ५२ मो.

बहु
जुदाजुदा
वांकीचुंकी
बाजुओ
हीरा
लीलम
कीमती
पत्थर
अकीक
रतनपुर
खुंभर
निद्राळ
हकीकत

———

पाठ ५३ मो.

लुहार
मित्र
भट्ठी
खूब
कोदाळी
दिवाल
खीटीओ
घडिआळ
जुदुं
चरखुं
सुथार
स्क्रू
भुर्गो
दुकानोए
सिवाग

पाठ ५४ मो.

शिक्षक
मुख्य
मुळीआं
फूल
ढाळीओ
गोविंद
चोटी
छिद्रो
चूसे
शोषी
इंद्रिय
बारीक
उत्पन्न

पाठ ५५ मो.

सीसापेन
वस्तु
दूध
पिळाश
सुकवेछे
ढीगलीओ
तंबु
खजुरी
घडीआं
खरसाणी
सुंदर
चोंटाडवा
मजबुत
लाडु
हिंदुओ
साबुचोखा
डुंगराओ
पुरेपुरा
सुको
नितारी
गुण

पाठ ५६ मो.

शुमारे
हुंडी
उंची
पोंक
सुखळां
जुवार
घउ
मुलक
हिंदुस्तान
हांसोटी
सुरत
जिल्लो
काठिआवाड
ठुमसो
तुवेर
एकदळीआं
पुष्टिकारक
चाळणी
थुलुं
गुणीने
पुरी
परसुदी
सुपडामां
भुंसुं
झोपडी

पाठ ५७ मो.

शिक्षक
वगीचो
चूंटी
पांदडुं
महंमद

सांकडुं
परशोतम
अणीदार
शिवलाल
शोषी
कुंवार
बुलाव
चिराएलुं
गुलमोर
फूटी
सुरज
ओळुंवचुं

पाठ ५८ मो.

सीडी
पतंगीआ
विना
पूछनार
जीवजंतु
सूंढ
मूछ
खुबसुरत
बीलकुल
वैतरी
स्थिति
इयळ
कीडिआरामां
निरांत
पुडो
हुमलो
कुटुंब

पाठ ५९ मो.

डुंगर
भाथु
समडी
पक्षी
पुछडी
वदामीओ
करांठी
गीध
अणीदार

पाठ ६० मो.

खीसकोली
गुच्छावाळी
काबरचीतरी
कुमळी
कुंपळो
मजबुत
बिलाडी
राक्षी
सुंवाळी
शक्ति
शिकार
ओचींती
गति
दुश्मन
झुमखामां
समलुं
मजबुत
दूर
कौवत
टुंकी
रतुमडो
तूल
नुकसान
कुतरा
प्राणीओ

ઉપયોગી કોષ્ટકો.

સરકારી ચલણી નાણું.

૧॥ પાઈ=૨ અધેલો.
૩ પાઈ=૧ પૈસો
૨ પૈસા=૧ ઢબુ
૪ પૈસા=૧ આનો
૨ આના=૧ બે આની
૨ બે આની=૧ પાવલી
૨ પાવલી=૧ અર્ધો
૨ અર્ધા=૧ રૂપીઓ

સરકારી હિસાબમાં

૧૨ પાઈ=આનો
૧૬ આના=૧ રૂપીઓ.

વેપારી હિસાબમાં

૧૬ વીસવાસી=૧ બદામ
૧૬ બદામ=૧ દોકડો
૬। દોકડા=૧ આનો
૧૦૦ દોકડા=૧ રૂપીઓ

સધારણ તોલ.

૪॥ પૈસાભાર=૧ અધોળ
૨॥ રૂ. ભાર=૧ અધોળ
૨ અધોળ=૧ નવટાંક (નવ પૈસાભાર
૨ નવટાંક=૧ પાશેર
૨ પાશેર=૧ અચ્છેર
૪ પાશેર=૧ શેર
૨ અચ્છેર=૧ શેર
૧૦ શેર=૧ તોલું
૪૦ શેર=૧ મણ
૫ મણ=૧ કોથળો
૬॥ મણ=૧ પલ્લો
૭ મણ=૧ નાનો હારો
૧૨ મણ=૧ માણી
૧૬ મણ=૧ કળશી
૨૦ મણ=૧ ખાંડી
૨૧ મણ=૧ મોટો હારો
૩૦ મણ=૧ ગાલ્લી
૩૨ મણ=૧ બેડીઉં
૫૦ મણ=૧ મુડો

સોના રૂપાના તોલનું.

૬ ચોખાભાર=૧ રતિ
૩ રતિ=૧ વાલ
૧૬ વાલ=૧ ગદ્યિઆણો
૨ ગદ્યિઆણા=૧ તોલો

લીલાવતી પ્રમાણે અંતર ભરવાનું.

૮ આડાજવ=૧ આંગળ
૪ આંગળ=૧ મુઠી
૩ મુઠી=૧ વેત
૨ વેત=૧ હાથ
૪ હાથ=૧ દંડ
૨૦૦૦ દંડ=૧ ગાઉ
૪ ગાઉ=૧ જોજન

અંતર માપવાનું અંગ્રેજી કોષ્ટક.

૩ બાલીકોર્ન્સ=૧ ઈંચ
૧૨ ઈંચ= ૧ ફુટ
૩ ફુટ=૧ યાર્ડ
પાા યાર્ડ=૧ પોલ, કાઠી
૪૦ પોલ=૧ ફર્લાંગ
૮ ફર્લાંગ=૧ માઈલ
૩ માઈલ=૧ લીગ

લુગડાં માપવાનું.

૨ આંગળ=૧ તસુ
૨૪ તસુ=૧ ગજ
૧ાા ગજ=૧ વાર

ગણતરીનાં.

૧૨ નંગ=૧ ડઝન
૧૨ ડઝન=૧ ગ્રોસ

---

૨૦ નંગ=૧ કોડી
૧૦૦ નંગ=૧ સંકડો, સેકું

---

૨૪ તાવ=૧ દસ્તા
૨૦ દસ્તા=૧ રીમ

કાળદર્શક. (ગુજરાતી)

૬૦ વિપળ=૧ પળ
૬૦ પળ=૧ ઘડી
૭ાા ઘડી=૧ પહોર
૮ પહોર=૧ રાત્રિદિવસ
૭ દિવસ=૧ અઠવાડીઉ
૧૫ તિથિ=૧ પખવાડીઉં
૩૦ તિથિ અ૦ ૨૯ાા દિવસ } =૧ ચાંદ્રમાસ
૧૨ ચાંદ્રમાસ અથવા ૩૫૪ દિવસ } =૧ ચાંદ્રવર્ષ

કાળ દર્શક. (અંગ્રેજી)

૬૦ સેકન્ડ=૧ મિનિટ

૬૦ મિનિટ=૧ અવર (કલાક)
૨૪ અવર=૧ દિવસ
૭ દિવસ=૧ અઠવાડીઉં
૪ અઠવાડીઆં=૧ માસ
૩૬૫ા દિવસ=૧ સૌરવર્ષ

દેશી ચોરસ માપ.

૨૦ કાઠી (વીસવાસી)=૧ વસો
૨૦ વસો=૧ વીઘું

અંગ્રેજી ચોરસ માપ.

૧૪૪ ચોરસ ઇંચ=૧ ચો૦ ફુટ
૯ ચોરસ ફુટ=૧ ચો૦ યાર્ડ
૩૦ા ચો. યાર્ડ=૧ પર્ચ (પોલ)
૪૦ પર્ચ=૧ રૂડ
૪ રૂડ=૧ એકર

અંગ્રેજી ચોરસ માપ.

(ગુજરાતમાં વપરાતું)

૧૬ આના ચોરસ અથવા ૧૦૮૯ ચો૦ ફુટ =૧ ગુંઠો

૪ ગુંઠા=૧ ચોરસ સાંકળ

૧૦ ચો. સાંકળ અથવા ૪૦ ગુંઠા =૧ એકર.

ગુજરાતી મહીના.

કારતક	વૈશાખ
માગશર	જેઠ
પોસ	અસાડ
માહ	શ્રાવણ
ફાગણ	ભાદરવો
ચૈત્ર	આસો

અંગ્રેજી મહીના.

જાન્યુઆરી	૩૧	જુલાઇ	૩૧
ફેબ્રુઆરી	૨૮	અગસ્ટ	૩૧
માર્ચ	૩૧	સપટેમ્બર	૩૦
એપ્રીલ	૩૦	ઓકટોમ્બર	૩૧
મે	૩૧	નવેમ્બર	૩૦
જુન	૩૦	ડીસેમ્બર	૩૧

અંકગણિત.

દેશી પદ્ધતિની સમજ.

એક, ચાર, આઠ, બાર વગેરે આખી સંખ્યા છે. તેમજ એક લીંબુ, ચાર જામફળ, આઠ કેરી વગેરે આખી સંખ્યા છે. આવી આખી સંખ્યાઓને પૂર્ણાંક (પૂર્ણ=પુરો, અંક=આંકડો) સખ્યા કહેછે.

ધોરણ ૧ લામા, વિદ્યાર્થીઓ પાયા, અર્ધા, પોણા, સવાયા, અને દોઢાના આક શીખી ગયા છે એટલે તેઓને ૦।, ૦।। અને ૦।।। ની સમજ પુરેપુરી મળેલી છે તેમજ તેનું સંયોગીકરણ અને પૃથક્કરણ પણ બરાબર કરી શકતા હશે, જેથી આ ધોરણમા તેનુ વધુ પિષ્ટપેશન કરવાની જરૂર નથી.

૦। કાગળ એ આખા કાગળનો ચોથો ભાગ છે, ૦।। કાગળ એ આખા કાગળનો બીજો ભાગ છે, તેમજ ૦।।। કાગળ એ આખા કાગળના ચાર સરખા ભાગ કરી તેમાંથી ત્રણ ભાગ લીધેલા છે, ૦।, ૦।। અને ૦।।। કાગળ એ આખા કાગળના ભાગ કરી તેમાથી અમુક ભાગ લીધેલાં છે જેથી તે પુરો આકડો કહેવાય નહિ, માટે આવા ભાગ પાડેલા આંકડાને **અપૂર્ણાંક** (અ=નહિ, પૂર્ણાં ક=પૂરો અંક) કહીએ છીએ.

સાદી સખ્યામા એકના ગમે તેટલા સરખા ભાગ કરીએ તો તે ભાગમાનો કોઇપણ અથવા ગમે તેટલા ભાગ એ **અપૂર્ણાંક** કહેવાય.

વિશેષ સંખ્યામાં એક વસ્તુના ગમે તેટલા સરખા ભાગ કરીએ તો તે ભાગમાંનો એક અથવા ગમે તેટલા ભાગ એ તે વસ્તુનું

અપૂર્ણાંક કહેવાય. જેમકે એક રૂપીઆના ૧૬ સરખા ભાગ કરીએ તો તે દરેકને આપણે આનો કહીએ છીએ. તે ૧૬ માંના ગમે તેટલા એટલે પાચ, દશ અથવા પંદર આના તે એક રૂપીઆનો અપૂર્ણાંક કહેવાય એક, બે અથવા દશ પાઇ એ એક આનાનો અપૂર્ણાંક કહેવાય બે, ચાર, દશ અથવા બાર અધોળ એ એક શેરનો અપૂર્ણાંક કહેવાય તેમજ ૪ મણ, ૮ મણ, બારમણ વગેરે મણ, ૧ ખાંડીનો અપૂર્ણાંક કહેવાય.

ઉપર પ્રમાણે બાળકોને પૂર્ણાંક અને અપૂર્ણાંક વચ્ચેનો તફાવત સમજાવવો.

બાવીસ રૂપીઆ આઠ આના આપણે, રૂ ૨૨-૮-૦ આ પ્રમાણે લખીએ છીએ, પરંતુ વેપારી લોકો તેમ નહિ લખતા આનામાથી ।, ॥ અગર ॥। રૂપીઓ જુદો કાઢી તે રૂપીઆ સાથે લખે છે. એટલે આઠ આના=॥ રૂ. છે, માટે ૨૨ રૂ. અને ॥ રૂ. મળી ૨૨॥ રૂ. થયા. તેથી વેપારી લોકો રૂ. ૨૨-૮-૦ લખવાને બદલે રૂ. ૨૨॥ લખે છે. એટલે વેપારી લોકો રૂ. આ. મણ, શેર, ખાંડી, કળશી, દોકડા, બદામ વગેરે દરેકના ચાર સરખા ભાગ કરે છે અને તેમાંના દરેક ભાગને । (પા) એ સંજ્ઞા આપેલી છે. તેમજ બે ભાગને ॥, અને ત્રણ ભાગને ॥। એ સંજ્ઞા આપેલી છે અને ચાર ભાગ ભેગા થાય તો આખો એ પ્રમાણે ગણી લીધું છે.

આ પ્રમાણે ભાગો પાણોથી દર્શાવવામાં આવે છે માટે આવા અપૂર્ણાંકોને આ[illegible]પાણના અપૂર્ણાંક કહે છે આપણા દેશમાં [illegible] પદ્ધતિ

[illegible] ગ[illegible]છે;

માટે ધોરણમા જ્યા જ્યા દેશી પદ્ધતિ પ્રમાણે લખેલું છે ત્યા આણુપાણ એવો અર્થ સમજી લેવાનો છે.

જેવી રીતે આનામાથી ૦।, ૦॥ અગર ૦॥। રૂપીઆ જુદો કાઢી રૂપીઆ સાથે મેળવી દેછે તેવીજ રીતે અધોળમાથી ૦।, ૦॥ અગર ૦॥। શેર જુદો કાઢી શેરમા ઉમેરવામા આવે છે, તેમજ શેરમાંથી કઢો મણમા અને મણમાથી કાઢી કળશી અગર ખાડીમા ઉમેરવામા આવે છે આવી રીત દરેક પરિમાણ માટે સમજવું.

હવે દરેક પરિમાણનો ૦।, ૦॥ અગર ૦॥। ભગ તે તેનાથી ઉતરતા પરિમાણના કેટલા અંકની સાથે બરાબર છે તે વિદ્યાર્થીઓને બરાબર સમજાવવું.

૦।, ૦॥ અગર ૦॥। કળશી તેનાથી ઉતરતું પરિમાણ મણ છે તો તે કેટલા મણની બરાબર થાય તે નીચે મુજબ સમજાવવું.

૧ કળશી એટલે ૧૬ મણ છે માટે ૦। કળશી એ ૧૬×૦।=૪ મણ, ૦॥ કળશી એ ૧૬×૦॥=૮ મણ અને ૦॥। કળશી એ ૧૬×૦॥। ૧૨ મણની બરાબર છે. એટલે ૪ મણની ૦। કળશી ૮ મણની ૦॥ કળશી અને ૧૨ મણની ૦॥। કળશી બને.

ઉપર પ્રમાણે દરેક પરિમાણમાથી તેથી ચઢતા પરિમાણને ૦। ૦॥ અગર ૦॥। ભાગ કાઢવો હોય તો તે કેટલા ઉતરતા પરિમાણની બરાબર થાય તે રીતસર સમજાવવું.

રૂ. ૧૭-૯-૬ ને આણુપાણના અપૂર્ણાંકમા આણવા હોય તો પ્રથમ ૬ પાઇ એટલે ૦॥ આનો થયો એટલે કુલ ૯॥ આના થયા તેમાથી ૮ આનાનો ૦॥ રૂ. કાઢતા ૧॥ આનો રહેશે, અને ૦॥ રૂ. ૧૭ રૂ મા ઉમેરતા ૧૭॥ રૂ થશે એટલે [illegible] ૬= રૂ. ૧૭॥-॥ થશે

ખાંડી ૨૪-૧૮-૧૨ ને આણુપાણુના અપૂર્ણાંકમા લાવવા હોય તો ૧૨ શેર=૦। મણુ ૨ શેર થાય. ૦। મણુ ૧૮ મણુમા ઉમેરવાથી ૧૮। મણુ થયા તેમાથી ૧૫ મણુની ૦॥। ખાંડી નીકળી અને ૩। મણુ બાકી રહ્યા એટલે કુલ ખાંડી ૨૪॥।-૩।-૨ થયા.

ઉપર પ્રમાણે વિવિધ પરિમાણુને આણુપાણુના અપૂર્ણાંકમાં લાવવાના ઘણા દાખલા વિદ્યાર્થી પાસે કરાવવા.

આવી રકમોને લોકો જુદી જુદી રીતે લખેછે (૧) કેટલાક બારેમાં ભારે પરિમાણુ દર્શક અંક લખી પછી તેથી ઉતરના પરિમાણુ દર્શક અંક એક પછી એક લખે છે જેમકે રૂ. ૧૭ા=ા, ખાંડી ૨૪।-૩॥-૨। (૨) કેટલાક જુદા જુદા અંકો લખી તે અંકો જે પરિમાણુના હોય તે પરિમાણુની ટુંકી સંજ્ઞા તે અંક ઉપર લખે છે. જેમકે

	રૂ.	આ.	ખાં.	મણુ	શેર.	અધોળ.
લખે છે. જેમકે	૧૭॥	=॥	૨૪॥	૨॥	૨।	=

(૩) કેટલાક દરેક જાતના અંક લખી તે અંકની પહેલાં તે અંક જે પરિમાણુ દર્શક હોય તે પરિમાણુની ટુંકી સંજ્ઞા લખે છે. જેમકે રૂ. ૧૭॥ આ. =॥, ખાંડી ૨૪॥ મ. ૨॥ શેર ૨। અધોળ =.

ઉપર પ્રમાણે ઉતરતા પરિમાણુમાથી ચઢતા પરિમાણુમા લઇ જવાનું શિખવ્યા પછી આણુપાણુના અપૂર્ણાંકમાથી વિવિધ પરિમાણુમા લઇ જવાનું શીખવવું. રૂ. ૧૭ા=ા એમા રૂ. ૧૭ આખા છે અને ૦॥ રૂ. ના આના કર્યા તો ૮ થયા તેમા ૨॥ આના ઉમેરવાથી ૧૦॥ આના થયા. તેમાં ૧૦ આના આખા છે અને ૦॥ આનાની પાઇ કરી તો ૬ થઇ માટે રૂ. ૧૭ા=ા એટલે રૂ. ૧૭-૧૦-૬ થશે.

ખાં. મણુ. શેર.

૧૫॥ ૨॥ ૪॥ ને વિવિધ પરિમાણમા લાવો.

૧૫॥ ખાંડીમા ૧૫ ખાડી આખી છે અને ૦॥ ખાંડી એટલે ૫ મણ થયા. તેમાં ૨॥ મણ ઉમેરવાથી ૭॥ મણ થયા તેમા ૭ મણ આખા અને ૦॥ મણ છે તેથી ૦॥ મણ ના શેર કર્યા તો ૨૦ થયા તેમા ૪॥ શેર ઉમેરવાથી ૨૪॥ શેર થયા. હવે ૨૪॥ શેરમા ૨૪ શેર આખા અને ૦॥ શેર છે તે ૦॥ શેરના અધોળા કર્યા તો ૪ થયા માટે ખાડી ૧૫॥-૨॥-૪॥ એટલે ખાડી ૧૫-૭-૨૪-૪ થયા.

આવી રીતે ઘણા દાખલા આણુપાણુના અપૂર્ણાંક ઉપરથી વિવિધ પરિમાણમા લઇ જતા તથા વિવિધ પરિમાણ ઉપરથી આણુપાણુના અપૂર્ણાંકમા લાવવાના આપવા.

મનોયત્ન ૧.

નીચેના દાખલા આણુપાણુની રીતે લખો:—

(૧) રૂ. ૧૫-૧૨	(૨) રૂ. ૧૨-૮-૬
(૩) રૂ. ૧૮-૧૪-૩	(૪) ૧૯-૧૧-૯
(૫) શેર ૫-૪	(૬) મણ ૫-૧૦
(૭) કળશી ૮-૫-૨૦	(૮) ખાડી ૪-૧૫
(૯) ખા ૧૨-૮-૧૪	(૧૦) ક. ૧૦-૯-૨૪-૬
(૧૧) તો. ૨૧-૧-૬	(૧૨) ગજ ૧૫-૧૭

નીચેના દાખલા આણુપાણુની રીતે તથા વિવિધ પરિમાણની રીતે લખો.

૧. સાડા પાચ રૂપીઆ સવા ત્રણ આના.

૨. અઢી રૂપીઆ દોઢ આનો.

૩. સવાબાર રૂપીઆ પોણા ચાર આના.

૪ સવા બે મણ પોણા બે શેર.

૫. સાડી બાવીસ કળશી સાડા ત્રણ મણ અઢીશેર.

૬. પોણા આઠ ખાંડી પોણા બે મણ સવા શેર અઢી અધોળ.

૭ સાડી એકત્રીસ તોલા પોણા બે વાલ બે રતિ.

૮. દોઢગજ અઢી તસુ.

૯. એકસો પોણાચાર વીઘા સવા ત્રણ વસા બે વીસવાસી.

૧૦. સાડી ચોવીસ દિવસ સવા બે ઘડી.

નીચેનાં પરિમાણો વાંચો અને તેને વિવિધ પરિમાણુમાં લાવો.

૧. રૂ. ૧૮૬॥। ≈॥।	૨. રૂ. ૧૭૬। ~॥।
૩. ખાડી ૧૮॥।-૪।-૧॥।≈	૪ કળશી ૧૦॥।-૩।-૨॥।~
૫ ગજ ૧૯॥।-૨॥	૬. દિવસ ૬૩૪॥।-પ॥ ઘડી
૭ તોલા ૨૨।-૦)-૩।-૨	૮. વાઈ પા-૦॥-૨

દેશી રીત મુજબ ઉતરતી ભાંજણી.

